www.jigarpublicity.com
Industrial Directory Publisher
Jhgadia, Dahej, Panoli, Nandesari (Padra), Saykha, Vilayat, Dahej & Narmadanagar
Jigar Publicity
jigarpublicity@gmail.com |+91 9998980519

બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
BIRD VIEW OF INDUSTRIES
તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)
VOLUME : 16 ISSUE : 14 DATE: 16- 10 -2024 (વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૧૪) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

# યુનિવ મિનરલ્સની લોક પર્યાવરણ સુનવણીમાં લોકોએ પ્લાન્ટ પ્રત્યેની પોતાની નારાજગી વ્યકત કરી








ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના રાજપારડી ખાતે યુનિવ મિનરલ યુનિટ-૨ કંપનીની લોક પર્યાવરણ સુનવણી યોજાઇ ગઇ. જેમાં અસરગ્રસ્ત વિસ્તારના લોકો દ્વારા પ્લાન્ટના વિસ્તરણ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. પોતાનો આક્રોશ વ્યકત કર્યો હતો.

યુનિવ મિનરલ યુનિટ-૨ કંપની તેના પ્લાન્ટનું વિસ્તરણ કરવા જઇ રહી છે. આ લોક પર્યાવરણ સુનવણી ઝઘડીયાના એસડીએમ કાજલ ગામીતની અધ્યક્ષતામાં યોજાઇ હતી. જેનું સંચાલન અંકલેશ્વર જીપીસીબીના પ્રાદેશિક અધિકારી વિજય રાખોલીયાએ કર્યુ હતું.

કંપનીને આમોદ ગ્રામ પંચાયતના આદિવાસી મહિલા સરપંચ રંજનબેન વસાવાએ જણાવ્યું હતું કે સરપંચ દ્વારા કંપનીને લેટર આપીને જમીનના દસ્તાવેજ તેમજ કંપનીને લગતા અન્ય દસ્તાવેજ રૂબરૂ આપવા માટે જણાવવામાં આવ્યું હતું. પરંતુ કંપની દ્વારા દસ્તાવેજ ન અપાતા ગ્રામપંચાયતની ગ્રામસભામાં આ પ્લાન્ટ સામે વિરોધ ઉઠાવી તેને મંજૂરી ન આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ઠરાવ લાગતી વળગતી વિવિધ સરકારી ઓફિસોમાં પહોંચાડવામાં આવ્યો હતો. આ કંપનીને કોઇપણ સંજોગોમાં મંજૂરી ન મળવી જોઇએ તેવો અભિપ્રાય વ્યકત કર્યો હતો.

કંપનીનું કહેવું હતું કે નોમહ આ જમીન કંપનીને ભાડાપટટે આપી છે. તેના ભાડા કરાર છે. જયારે ગામલોકોએ તે બતાવવા કહેતા કંપનીએ તે રજુ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. સાથે સાથે કંપનીને લાઇટબીલ કોના નામનું આવે છે. તેમાં કયું એડ્રેસ લખેલું છે. વગેરે પ્રશ્નો કરાયા હતા. ગામને પ્રોફેશનલ ટેક્ષ કેમ જમા કરાવવામાં નથી આવતો. ગામવેરો ભર્યાના પુરાવા માગ્યા હતા. જેમાં કંપનીએ તે જમા કરાવી દઈશું તેમ જણાવ્યું હતું. પરંતુ અસરગ્રસ્તોએ સુનવણી દરમ્યાન જ તે દેખાડવા જણાવ્યું હતું. તેને લઈને વાતાવરણ ગરમ થઇ ગયું હતું. થોડીવારમાં હોલ ભરાઇ ગયો હતો

ગામલોકોનો બીજો પ્રશ્ન પાણીના ઉપયોગનો હતો. ગામલોકોને પીવાના પાણી માટે ટેન્કરોનો સહારો લેવો પડે છે. જયારે કંપની દ્વારા પાણીનો ઉપયોગ કરાતા પાણીના તળ ભૂગર્ભજળ વધારે ઉંડા જશે. જેથી કંપનીને પાણી ન આપવા રજુઆત કરાઇ હતી. જો કે કંપનીનું કહેવું હતું કે અમે નોમહ દ્વારા અપાતા પાણીનો ઉપયોગ કરીએ છીએ. અમે ભૂગર્ભજળનો ઉપયોગ કરતા નથી.

મોટાભાગના પ્રશ્નો જમીનને લગતા હતા. તેમજ જીએમડીસી દ્વારા સંપાદિત થયેલ થમીન વિશે હતા. તેમજ જીએમડીસી તરફથી પડતી મુશ્કેલી વિશે હતા. જીએમડીસીના અધિકારી હાજર હોવા જોઇએ તેવી તેમની માંગ હતી.

આ વિસ્તારમાં કંપની વર્ષોથી કાર્યરત હોવા છતાં આ વિસ્તારમાં સીએસઆરના કોઇ કામ કંપની દ્વારા કરવામાં આવ્યા નથી. તે બાબતની નારાજગી વ્યકત કરાઇ હતી. બહારથી આવનાર કંપનીઓ આ વિસ્તારના સ્ત્રોતોનું શોષણ જ કરે છે તેમને આ વિસ્તારના વિકાસમાં કોઇ રસ નથી.

શિડયુલ ૫ અને ૬ મુજબ ગ્રામસભાનો નિર્ણય આખરી ગણાય છે. તેના નિર્ણયને તેની મરજી સિવાય બદલી શકાતો નથી. આ નિયમને આગળ કરીને લોકો આ કંપનીને બંધ કરવાની માંગ કરી રહયા હતા.

પ્રોજેકટ સાઇટથી ૮ કિલોમીટર દુરની જગ્યામાં લોક પર્યાવરણ સુનવણી કેમ રાખવામાં આવી તેવો પણ પ્રશ્ન કરાયો હતો. જેમાં ચોમાસાની ઋતુ હતી અને લોકોને પ્લાન્ટ વિસ્તારમાં આવવાની તકલીફનો સામનો ન કરવો પડે તે માટે રાજપારડી ખાતે લોક પર્યાવરણ સુનવણી રાખવામાં આવી હતી.

લોકોના વિરોધ વચ્ચે લોક પર્યાવરણ સુનવણી પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી હતી.

લોકોએ આજની લોક પર્યાવરણ સુનવણીની કાર્યવાહીનો રિપોર્ટ આજે જ આપવામાં આવે તેવો આગ્રહ સેવ્યો હતો જેને લઈને વાતાવરણ તંગ થયું હતું. જો કે અગાઉથી પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com
STORAGE VESSELS & TANKS
GMP REACTOR
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

We are Interested to Invest in Running Chemical Industries
અમે કાર્યરત કેમીકલ ઉદ્યોગમાં રોકાણ કરવા ઈચ્છીએ છીએ
લોક કેમીકલ્સ પ્રા. લિમીટેડ મેન્યુફેકચરીંગ ઉદ્યોગમાં રોકાણ માટે કાર્યરત કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ શોધી રહી છે. જેમાં ફાર્માસ્યુટીકલ, એગ્રો, પોલ્ટ્રી, ઇન્ક, રેઝિન, પેઇન્ટસ કે કોઈપણ ઉદ્યોગ જે કેમીકલ સંલગ્ન હોય તે માન્ય છે.
કંપની લાંબાગાળાની ભાગીદારી કરવા માગે છે અને જેનાથી ભેગા મળીને વિકાસ કરી શકાય.
શું તમારી પાસે ઉત્પાદન વ્યવસાય છે?
અમને તમારા વિચારો અને બિઝનેસ મોડલ સાંભળવામાં રસ છે.
તમારી દરખાસ્ત અમને અહીં મોકલો
: 98202 13612 Email: sales@lokchem.com
લોક કેમીકલ્સ પ્રા.લિ. : સાથે મળીને મજબૂત ભવિષ્યનું નિર્માણ

ECOSYSTEM RESOURCE MANAGEMENT PVT. LTD.
ECO CHEM SALES & SERVICES
ECO GROUP OF COMPANY
Mrs. Rekha Shah (Director)
+91 99279 34111
eco@ecoshripad.com
SERVICES :-
Environment Audit
Effluent Treatment Chemical
Environment Counsultancy : EIA / EC / CRZ / Forest Clearance / Permits
Effluent Treatment Plant & Operation & Maintenance
Environment Monitoring & Testing Laboratory (MoEf / NABL Approved)
Turnkey Project - ETP / STP / WTP / RO
Head Office Address
Office Floor, Ashoka Pavilion - A, Opp Kapadiya Health Club, New Civil Char Rasta, Surat, Gujarat - 393001 Mo :- 84605-45050, 88660-69151
Branches Office
VAPI, Mo:- 94262-63805
DAHEJ, Mo :- 81600-92635

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web :- www.explosivelicenseconsultant.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email : aoneconsultant@yahoo.com. Web : www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

TOTAL SOLUTION CONSULTANCY
We are Provide Services to IT & Non - IT Industries
Recruitment
Pre - Employment Checkup
Training & Development Program
Compliance Audit
Liasoning With All Government Bodies
Monthly Support to HR Function (Monthly Challan, Compliance, Maintain Register, HR Policies & Customizes HR Process Setup)
Nimisha Bhatt
(Mo.: +91 99740 43023, +91 87804 89179)
Email: tsconsultancy4@gmail.com
Address: B/29, Karelibaug Society, B/h. Bright School, VIP Road, Vadodara - 390019

SHIVAM
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
Graphite Heat Exchanger
Graphite Condenser
Graphite Reboiler
Graphite Falling Film Absorber
Graphite Ejector
Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019), Gujarat, India

## તંત્રીલેખ

# ઉદ્યોગો હવે 150 KV સુધીનો વીજપ્રવાહ લો ટેન્શન માં મેળવી શકશે

નાના ઉદ્યોગોની બહુ લાંબા સમયથી માંગ હતી કે તેમને લો ટેન્શન વીજજોડાણની મર્યાદા જે 100 KW ની છે તે વધારીને 150 KW કરવામાં આવે. તેમને વિવિધ પ્લેટફોર્મ ઉપરથી તેની રજુઆત કરી હતી. જેને પરિણામે GERC (Gujarat Electricity Regulatory Commission ) દ્વારા ફાઈનલ નોટિફિકેશન બહાર પાડીને વીજગ્રાહકો હવે 150 KW સુધીનો વીજપ્રવાહ લો ટેન્શન માં મેળવી શકાશે. ૨૯ સપ્ટેમ્બર થી નિયમનો અમલ થઈ ગયો છે. આ નિર્ણયથી નાના ઉદ્યોગોમાં આનંદની લાગણી છે. આ નવા સુધારાને કારણે એલટી ગ્રાહકોને મોટો ફાયદો થશે, એમને એચટી લાઈન નહીં લેવી પડે તથા એમનો મોટો ખર્ચ પણ બચી જશે.

રાજ્યમાં ૯૦ હઝાર જેટલા LT વીજપ્રવાહનો ઉપયોગ કરતા ગ્રાહકો છે, અગાઉ 100 KW વીજપ્રવાહ ધરાવતા LT વીજગ્રાહકોનો વાપત્રશ 100 KW કરતા વધુ જતો હોઈ તો તેમને HT લાઈન લેવાનું જણાવવામાં આવતું હતું . આ નિયમ સામે ઉગ્ર વિરોધ થયો હતો. રાજ્ય સરકારમાં તથા કેન્દ્ર સરકારમાં એલટી ગ્રાહકોની પાવર મર્યાદા વધારવા માટે રજૂઆતો થઈ હતી. તેમાં નાના ઉદ્યોગોના દેશવ્યાપી સંગઠન લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા સરકારમાં ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી.

બીજી બાજુ દેશમાં ઈલેકટ્રીક વાહનો માટે ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવામાં આવી રહ્યા છે. જેમાં ૧૪૫ કિલો વોટ સુધીનો પાવર જોઈતો હોઈ છે. જેના પરિણામે વધુ ક્ષમતાના ઈલેક્ટ્રિક સાધનો નાખવા પાછળ જંગી ખર્ચ થતો હોય છે, તેથી આ વીજગ્રાહકોએ પણ તેમની વ્યવહારુ મુશ્કેલી અંગે કેન્દ્રીય વીજ મંત્રાલયને રજૂઆત કરી હતી. આ રજૂઆતોના સંદર્ભમાં હવે એલટી ગ્રાહકોને ૧૫૦ કિલોવોટ સુધી પાવર આપવાનું નક્કી થયું છે.

## સર્જન સમાજને અર્પણ

# કે.એચ. ઘરડા ૯૫ વર્ષની ઉંમરે આ દુનિયાને છોડતા પહેલા સમાજને અને ઈન્ડસ્ટ્રીઝને ઘણું બધું આપતા ગયા






## (વર્ષ ૨૦૦૯માં કે.કી. ઘરડા એ પોતાના જીવન વિષે કરેલી વાત ના લેખને અહીં પુનરાવર્તિત કર્યો છે.)

થોડા સમયમાં દેશના બે અગ્રગણ્ય પારસી બુઝર્ગ આ દુનિયા છોડી ગયા. જેમાં રતન ટાટા વિષે સૌ જાણે છે. તેમને તેમના કાર્યો અને સામાજિક સેવાથી સૌને પોતાના તરફ આકર્ષિત કર્યા . તેમણે સૌ ભારતીયોના દીલમાં પોતાનું આગવું સ્થાન જમાવ્યું.

જયારે બીજા પારસી ઉદ્યોગપતિ કે.એચ. ઘરડા પણ ૯૫ વર્ષ કરતા મોટી ઉંમરે થોડા સમય અગાઉ આ દુનિયા છોડી દીધી. તેમને અંકલેશ્વર અને ભરૂચ જિલ્લા સાથે ઘનિષ્ટ સંબંધ હતો. તેઓના અંકલેશ્વર ખાતે ગુજરાત ઈન્સેકટીસાઇડ લિમિટેડ યુનિટ અને પાનોલી ખાતે ઘરડા કેમિકલ આવેલું છે. અત્યારે સાયખામાં એક પ્રોજેક્ટ તેના અંતિમ તબક્કામાં છે. અંકલેશ્વર ખાતે કંપનીની કોલોની આવેલી છે. તેમના દ્વારા અને સંસ્થાઓમાં અનેક વખત દાન કરીને કે સીએસઆર પ્રવૃત્તિ કરીને આ વિસ્તારના વિકાસમાં ફાળો આપવામાં આવ્યો છે. તેમને ૨૦૧૬ માં પદ્મશ્રી થી નવાજવામાં આવ્યા હતા.

ડૉ. કે.એચ. ઘરડાનો જન્મ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૨૯ના રોજ કદમી ઝોરોસ્ટ્રીયન દંપતીને (પારસી) ત્યાં થયો હતો. તેમના પિતાનું નામ હોરમસજી દીનશાજી ઘરડા અને માતાનું નામ રતનબાઈ ઘરડા હતું. તેમના શબ્દોમાં કહીએ તો તેઓ અજ્ઞેયવાદી, પરંતુ પ્રામાણિક હતા.

તેમના પિતાએ બોમ્બે યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાથે એમ.એ. કર્યુ હતુ. તે સમયે આ ડિગ્રી બહુ જુજ લોકો કરી શકતા. તેમની માતાએ ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. જો કે તે સમયે છોકરીઓને સ્કૂલમાં ભણવા દેવામાં નહોતી આવતી, ઉઠાડી મૂકવામાં આવી હતી. તેમની માતાને વાંચન પ્રત્યે અનન્ય રસ હતો.

'હું જ્યારે નાનો હતો ત્યારે જોતો હતો કે મારી માતા ખૂબ જ વાંચન કરતા હતા.તેણીના પિતા ડૉક્ટર હતા અને ખૂબ જ રસપ્રદ વ્યકિત હતા.તેઓ પણ વાંચનમાં ખૂબ જ રસ ધરાવતા હતા, અને ઢગલાબંધ પુસ્તકો રાખતા હતા. તેઓ ૯૦ વર્ષના હતા છતાં તેમની યાદદાસ્ત ગજબની હતી. તેઓ શેક્સપિયરનાં પુસ્તકો વાંચ્યા પછી લાંબા સમય સુધી પ્રશ્નોત્તરીની દલીલો કરતા. તેઓ માનવતાવાદી અને ફિલોસોફર હતા. તેઓ ગરીબ દર્દીઓ જોડેથી પૈસા લેતા ન હતા, પરંતુ તેમને ખાવા માટે પૈસા આપતા હતા. હું મોટો થતો ગયો પરંતુ મારા મગજમાં આ વાત ઘર કરી ગયેલી છે.×

તેમના પિતા તરફી દાદાના મૃત્યુ પછી થોડા મિલકત બાબતે પ્રશ્નો ઉભા થયા હતા. તેમના પિતા બોમ્બે હાઈકોર્ટમાં દુભાષિયા તરીકે કાર્ય કરતા હતા.તેમના માતૃપક્ષે અને પિતૃપક્ષ દાદા ખૂબ લાંબુ જીવતા. એટલે કે લાંબુ જીવવાનું તેમના જીવનમાં છે.

તેઓ બાંદ્રાના હીલચેડ ખાતે ભાડાના મકાનમાં રહેતા હતા. તેઓ સ્ટેનીસ્યુસ સ્કૂલમાં ભણતા હતા. ત્યાં કોઈ પ્રાદેશિક ભાષા ભણાવવામાં આવતી ન હતી, તેને લઈને તેમનું ગુજરાતી કાચું રહી ગયું તેનો તેમને અફસોસ રહેતો હતો. તેઓ પતિત લાઈબ્રેરીમાં જતાં, ત્યાંથી તેઓ ઘણા બધા પુસ્તકો લાવતા, ત્યારપછી તે અને તેમના માતાજી તે વાંચતા.તેમના માતા તેમને લાઈબ્રેરીના વધારે પડતા પુસ્તક વાંચવાની ના પાડતા.તેઓ કહેતા 'હું સ્કૂલમાં પ્રથમ આવું છું. હું મારું કામ બરાબર કરી રહ્યો છું. તમે તમારુ કામ કરો અને મને એકલો છોડી દો'. હું ભણવામાં ખૂબ જ હોશિયાર હતો તેથી તે બાબતમાં મારી કોઈ નબળી કડી ન હતી. ત્યાંથી હું એલિફસ્ટોન કોલેજમાં ગયો, ત્યાં સારા સારા વિદ્યાર્થીઓ જ આવતા હતા, પરંતુ મારો દેખાવ ઉત્તમ જ રહ્યો. મારી માતા મને ઘણી વખત કહેતી તમારી પ્રામાણિકતાથી જીવનમાં વધુને વધુ પૈસા કમાવા જોઈએ, પરંતુ તે ગરીબ મરી શકે છે. તે કહેતી મારા પિતાજીએ તેવું જ કર્યુ હતુ. તેમને ધર્માદામાં ઘણુ દાન કર્યું હતું.'

તમે શું છો ? તે માટે ૮૫ ટકા જીન જવાબદાર છે. બાકીનું આજુબાજુના વાતાવરણ ઉપર આધાર છે. પરંતુ મોટેભાગે તે આપણા હાથમાં નથી હોતું. હું માનું છું કે મેં આ વિશ્વમાં પડેલી તકને ઉપાડી લીધી.આ માટે મિથ્યાભિમાન કરવાનું કોઈ કારણ નથી, મને સારા મગજની ભેટ મળેલ હતી. મેં બીજાના લાભ માટે તે ટેલેન્ટનો પૂરતો ઉપયોગ કર્યો. મોટાભાગના લોકો સુખને ભૌતિક સંપત્તિમાં શોધે છે. મેં સંપત્તિને પેદા કરી,પરંતુ બીજા માટે, તેને મને સુખ આપ્યુ અને સતત પ્રોત્સાહિત કર્યો. હું ઝોરોસ્ટરીઅન પારસી છું, પારસી સંસ્કૃતિએ કાર્ય બહુ ઊંચો દરજ્જો આપ્યો છે.પારસીઓ શા માટે મોટે પાયે સફળ થયા છે તેની પાછળનું આ રહસ્ય છે.

મેં ઘરડા કેમિકલ કઈ રીતે ચાલુ કર્યુ , તે વિશે વિચારું છું તો એવું લાગી રહ્યું હતું કે કોઈ તત્વ મને તે માટે ઉત્તેજીત કરી રહ્યું હતું. અમેરિકાની ત્રણ નામના પ્રાપ્ત કેમિકલ કંપનીની સ્કોલરશીપ લઈ મેં અમેરિકામાં પી.એચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કર્યો. જોગાનુજોગ એ છે જે કંપનીઓની મેં સ્કોલરશીપ લીધેલી તેની સાથે મારી કંપની હરીફાઈ કરી રહી છે અને હંફાવી રહી છે. આ રીતે પ્રથમ અભ્યાસ અને પછી ટીચીંગ ચાલુ કર્યું. (યુનિવર્સિટી ઓફ ઓક્લાહોમામાં કેમિકલ એન્જિનિયરિંગ) તેઓ છ વર્ષ પછી ભારત આવ્યા ત્યારે તેમને તેમના માતા પિતાને જોયા. જો કે પિતા હોસ્પિટલમાં હતા અને ત્યાં જ તેમનું મૃત્યુ થયું. મારી માતાને છોડીને બધા ચાલ્યા ગયાં. તે તો પૈસાના વ્યવહારમાં બહુ જાણતી ન હતી, તેને મને રોકાઈ જવા કહ્યું. મારી પાસે અમેરિકામાં કાયમી નોકરી હતી, તેને એક વર્ષ સુધી સ્થગિત રાખવા તેઓ તૈયાર હતા. મેં મુલતવી રાખ્યું. મેં થોડા સમય માટે કન્સલ્ટન્ટ તરીકે કામ શરૂ કર્યું, પરંતુ મને તે માટે ઓછા પૈસા મળતા હોય તેવું લાગ્યું. તેથી મેં થોડા બચાવેલા પૈસા કાઢ્યા. મારી માતા અને મારી બહેનોએ તેમના બચાવેલા પૈસા કાઢ્યા. આ રીતે બે લાખ રૂપિયા વડે ૧૯૬૪ માં ઘરડા કેમીકલ શરૂ કરી.

ઘરડાનું ઓપરેશન કાર્ય ૧૯૬૬માં શરૂ થયું. ઘરડાનું પ્રથમ ઉત્પાદન જર્મન બ્લુ ડાઈઝ હતું. તે મોટી મલ્ટીનેશનલ કંપનીઓ બનાવતી હતી અમે તેની કોપી કરવા માંડી. બે થી ત્રણ વર્ષમાં મેં તેમાં સુધારો કર્યો અને ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો ઓછી કિંમતે તૈયાર કર્યા. મે મારા ધંધામાં આદર્શો અને વ્યાવહારિક દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખ્યો હતો. હું એવું માનતો કે આપણે કોઈ વસ્તુ સસ્તી કિંમતે બનાવીએ તો તેની ઊંચી કિંમત ન લેવી.

જ્યારે તમે બિઝનેસ શરૂ કરો છો ત્યારે પ્રથમ પાંચ વર્ષ સુધી નફો બરાબર થતો નથી. તેથી સ્ટાફને બોનસ આપવામાં આવતું નથી, પરંતુ તમે તે શરૂઆતથી જ આપી દેતા હતા.અમને બહુ ઓછા લેબર પ્રોબ્લેમનો સામનો કરવો પડયો. અમે એક બે વખત લેબર પ્રોબ્લેમનો સામનો કર્યો, એટલે કે કામદારોની હડતાલનો સામનો કર્યો. હું કહેતો મને પૈસાની પડી નથી, પરંતુ તમે તમારું જીવન ધોરણ ગુમાવશો. તેઓ પાછા આવી જતા, તેમને તેમની પત્નીઓ નોકરી પર મોકલી આપતી.

અમે આંતરિક સ્ત્રોતો વડે પ્રગતિ કરી. અમે બે લાખ રૂપિયા વડે શરૂ કર્યું હતું અને આજે તેની કિંમત ૫૦૦ કરોડ થઈ ગઈ. (કેપીટલ અને રિઝર્વ સાથે)( વર્ષ ૨૦૦૯). અમે બધા ટેક્સ પ્રામાણિકપણે ચૂકવ્યા પછી અમારી હાલની કિંમત ૧૦૦૦થી ૧૨૦૦ કરોડ રૂપિયા છે. જાપાનને બાદ કરતાં અમે અમારી પ્રોડક્ટ આખી દુનિયામાં વેચી છે.અમે ફક્ત નવ લોકો સાથે શરૂ કર્યું હતું. હું દિવસના ૧૬ કલાક કામ કરતો, અડધી રાત્રે ઘરે આવતો.પડોશીઓ મારી પત્ની અબાનને કહેતા, મારે એક પ્રેમિકા છે. તે કહેતી હા, કેમિકલ ટેકનોલોજી.એક દિવસ મેં મારી પત્નીને કહેલુ કે મારે બે પ્રેમિકાઓ છે, એક કામ અને બીજી તું, પરંતુ તેમાં કામ હંમેશા પ્રથમ હશે.

' આજે અમારી કંપનીમાં ૧૮૦૦ લોકો કામ કરે છે. અમારી બધી કંપનીઓ વિશ્વકક્ષાની છે. બધામાં કેમિકલ ઉત્પાદન માટેનોૈંર્જી સ્ટાન્ડર્ડ છે અને આર.એન્ડ.ડી માટેની વ્યવસ્થિત સિસ્ટમ છે. મારી પત્ની અબાન સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી ગ્રેજ્યુએટ થઈ હતી, અને યુનિવર્સિટી ઓફ મુંબઈમાંથીૅ રદ્ધ થઈ હતી. હું જોક કરતો કે તે ખુબ ભણેલી ડ્રાઈવર છે અને હું ખૂબ ભણેલો રસોઈઓ છું. કોઈને જરૂર હોય તો કહેજો. ઘણા વર્ષો સુધી અમે કોઈ નોકર રાખ્યો નહોતો. હમણાં જ પાર્ટટાઈમ રાખવાનું શરૂ કયું છે. મારી પત્ની અબાન તરત જ રસોઈ બનાવી દે અને હું મારા કપડા જાતે ધોઈ નાખતો. મારી પત્ની મને કદી કશું લઈ આપવાનું કહેતા નહી. ઘરેણાં પણ નહીં. અમે ૧૦૦૦૦ રૂપિયામાં ઘર ચલાવતા. ફેન્સી લાઈફસ્ટાઈલ ને લઈને અમે કદી દબાણમાં આવ્યા નહીં. કેટલીક વખત તેને પૈસાની જરૂર પડતી તો તે તેના બચાવેલા પૈસાનો ઉપયોગ કરતી.

જેવી રીતે બલીદા અને બિલ ગેટસે ફાઉન્ડેશન બનાવ્યુ છે તે રીતે અબાન અને કેકી ઘરડા ફાઉન્ડેશન બનાવવાની વિધિ કરી રહ્યા છીએ. (૬૦૦ થી ૭૦૦ કરોડના ફાળા સાથે) અત્યારના બે ફાઉન્ડેશનો તેની સાથે જોડી દેવામાં આવશે. (૧) ધ ઘરડા ફાઉન્ડેશનઃ જે સામાજીક કાર્ય માટેનું ઓર્ગેનાઈઝેશન છે. તેમાં બે હોસ્પીટલો ડોમ્બીવલી અને લોટે (મુંબઈ ગોવા રોડ) માં ચાલે છે. (૨) રીસર્ચ ફાઉન્ડેશન જે રીસર્ચનું કાર્ય કરશે. (મારી તીવ્ર ઈચ્છા).જે રિસર્ચ દ્વારા ફાઉન્ડેશન માટે ફંડ એકત્ર કરશે.

આગળના વર્ષોમાંઅમે શૈક્ષણિક ઈન્સ્ટિટ્યૂટના કેટલાક પ્રોજેક્ટ હાથ ધરનાર છીએ. અમે મોબાઈલ ક્લિનિક બનાવીશું જે અમારી કંપનીની નજીકના ગામમાં જશે અને હેલ્થકેરની સલાહ આપશે. અમે મોબાઈલ લાઈબ્રેરી બનાવીશું જે દરેક કંપની સાથે જોડાયેલી રહેશે અને ગામેગામ જશે.અમારી પાસે બે હોસ્પિટલ છે, તે હાઈ સ્ટાન્ડર્ડની બનાવાશે. અને કોંકણ વિસ્તારમાં ચિપલૂણ નજીક ઘરડા ઈન્સ્ટીટયૂટ ટેકનોલોજી (GIT) નામે એન્જીનીયરીંગ કોલેજ ચાલુ કરી છે. તેમાં કેમિકલ, મિકેનીકલ, ઈલેકટ્રીકલ એન્જિનિયરિંગ અને કોમ્પ્યુટર સાયન્સ કોર્સ શરૂ કરી રહ્યા છીએ.તેની પાછળ ૪૦ કરોડ ખર્ચ કર્યો છે.બીજા ૧૦ કરોડ ખર્ચીશુ. અમારી પાસે ૬૦ વિદ્યાર્થી છે. બધા જ કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં પાસ થયેલા છે. કોઈ પારસી વિદ્યાર્થી એન્જિનિયરિંગ કરવા માગતો હોય અને કોમન એન્ટરન્સ ટેસ્ટ પાસ કરે તો હું મારી મેનેજમેન્ટ ક્વોટા સીટમાંથી મદદ કરીશ, પરંતુ પારસીઓ માટે અનામત રાખવાનું મારા માટે શક્ય નથી. આગામી પાંચ વર્ષમાં આ ઈન્સ્ટીટયૂટ દેશની સર્વશ્રેષ્ઠ ઈન્સ્ટીટ્યૂટમાં સ્થાન મેળવશે. તેવું અમારું ધ્યેય છે. એન્જીનીયરીંગના પાંચમા વર્ષમાં વિર્ધાર્થી સ્મ્છ ની ડીગ્રી મેળવી શકે તે માટે વોલીંગકર ઈન્સ્ટિટ્યૂટ સાથે કોલોબેશન કરનાર છીએ.

પારસી તરીકે અમે ખૂબ જ મહેનતુ અને સામાજિક કાર્યોમાં અગ્રેસર હોઈએ છીએ. આપણા દેશમાં પારસીઓના પૈસાથી ઘણી બધી ઈન્સ્ટીટ્યુટ બાંધવામાં આવે છે. ભારતની ૧૦૦ કરોડની વસ્તીમાં પારસીઓ ૫૦૦૦૦ છે. છતાં કોઈ ક્ષેત્રમાં ઓછામાં ઓછો એક પારસી ઉચ્ચ સ્થાને હશે જ. મારા પોતાના ક્ષેત્રમાં મારા જેવા કેટલાક આગળ વધી રહ્યા છે.મેં અમેરિકન ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમીસ્ટ એવોર્ડ મેળવ્યો છે. (જે કેમિકલ એન્જિનિયર ને નહિ પરંતુ કેમિસ્ટને અપાય છે.) આમાંથી દસ માંથી ત્રણ વિજેતા ભવિષ્યમાં નોબેલ પ્રાઈઝ વિજેતા બને છે. હું પ્રથમ એશિયન હતો જેને તે એવોર્ડ મેળવ્યો હતો.

મારાં બે ધ્યેય ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. તેમાં સામાજીક કામ અને સંસોધનનો સમાવેશ થાય છે. મારી પાસે રિસર્ચ માટે કેટલાક નવા આઈડિયા છે. કોને ખબર તેનો અંત નોબલ પ્રાઈસથી આવે?

India's one of the largest, innovative & industry useful startups
PharmaCupboard.com
invites you to buy
Excess / Surplus Inventory
at reasonable discounted price
- API
- Intermediates
- Chemicals
- Solvents
- Excipients
- Packing
- Flavours
- Catalysts
- By products
625+ MT materials sold
+91 - 63525 38032
care@pharmacupboard.com
Rajshree Business InnoMarketing Pvt Ltd
201, Maryland Complex, Old Padra Road, Vadodara - 390015
www.pharmacupboard.com

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
Authorised Dealer:
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet
E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# અંકલેશ્વરની જયાબેન મોદી હૉસ્પિટલ ખાતે ઝઘડીયાની ગુલબ્રાન્ડસન ટેકનોલોજી કંપની દ્વારા તૈયાર કરાયેલ નવી પેથોલોજી લેબનું લોકાર્પણ કરાયું




અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા સંચાલિત શ્રીમતી જયાબેન મોદી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે નવી પેથોલોજી લેબનું લોકાર્પણ ગુલબ્રાન્ડસન ટેકનોલોજીસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના પ્રેસિડેન્ટ વિક્રમ સિંઘલ દ્વારા કરાયું હતું. નવી પેથોલોજી લેબ જે જૂની પેથોલોજી લેબ કરતાં વધુ અત્યાધુનિક અને વધુ નવા સાધનોથી સજ્જ છે, લેબ અંતર્ગત આવતી કામગીરી હવે વધુ ઝડપી અને સરળ બનશે. સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ડોક્ટરના તપસ્યા બાદ જો કોઈ કામગીરી હોય તો તે લેબ દ્વારા કરવામાં આવતી કામગીરી છે.

ઝઘડીયા ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનના પ્રેસિડેન્ટ અશોક પંજવાણીએ જણાવ્યું હતું કે ગુલબ્રાન્ડસન ટેકનોલોજી ઝઘડીયાની ખ્યાતનામ કંપની છે. તેના દ્વારા સીએસઆરના ભાગરૂપે નવી આધુનિક લેબ બનાવવામાં આવી છે. તેનાથી સેવા ઝડપી બનશે અને દર્દીઓને લાભ થશે. ઝઘડીયાની ઈન્ડસ્ટ્રીઝ અને જયાબેન મોદી હોસ્પિટલની એક મજબૂત લિંક છે. ઝઘડિયા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએસન દ્વારા આસપાસના ગામોમાં લોકોના સ્વસ્થ માટે કર્યો થઇ રહ્યા છે. ઝઘડીયાની ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જયાબેન મોદી હોસ્પીટલના વિકાસ પ્રોજેક્ટમાં અવારનવાર ફાળો આપી યોગદાન આપતા રહે છે. તેનો મને આનંદ છે.

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોશિએશન ના પ્રમુખ હિંમત શેલડીયાએ ફાળો આપનાર કંપનીનો આભાર માન્યો હતો અને વધારેને વધારે કંપનીઓ તેમના સીએસઆરમાંથી હોસ્પિટલને યોગદાન આપે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. ગુલબ્રાન્ડસન ટેકનોલોજી કંપનીના (જનરલ મેનેજર - એચ.આર) ટીના ઉગલે એ જણાવ્યું હતું કે કંપની દ્વારા શિક્ષણ, પર્યાવરણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે સેવાકીય કર્યો કરવામાં આવે છે. આ પ્રોજેક્ટથી દર્દીઓને ઝડપી સેવા મેળવવામાં ફાયદો થશે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વિક્રમ સિંઘલ (પ્રેસિડેન્ટ, ગુલબ્રાન્ડસન) અને મહેમાન તરીકે હિંમત શેલડીયા ,સાથે ગુલબ્રાન્ડસન વતી સંજયસિંઘ (ગ્લોબલ ડાયરેક્ટર, પ્રોડક્શન), ટીના ઉગલે (જનરલ મેનેજર - એચ.આર), ઋષિત પ્રજાપતિ ( સી.એસ.આર હેડ) અને હોસ્પિટલ વતી અશોક પંજવાણી (સેક્રેટરી એ.આઈ.ડી.એસ.) સુભાષ પટેલ (જોઈન્ટ સેક્રેટરી), હિતેન આનંદપુરા (હોસ્પિટલ મેનેજમેન્ટ કમિટી) અને દશરથ પટેલ (હોસ્પિટલ મેનેજમેન્ટ કમિટી) હાજર રહ્યા હતા

# બાલ ભારતી પબ્લિક સ્કૂલ, NTPC ઝનોર અને ઝનોર કન્યાશાળામાં સ્વચ્છતાના મહત્વ પર બાળકો માટે સંવાદનું આયોજન




સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ નિમિત્તે, NTPC ઝનોર મેનેજમેન્ટ દ્વારા તારીખ ૨૪ સપ્ટેમ્બરના રોજ બાલ ભારતી પબ્લિક સ્કૂલ, NTPC ઝનોર અને ઝનોર કન્યાશાળામાં સ્વચ્છતાના મહત્વ પર બાળકો માટે સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા મામલતદાર એમ.ડી.મિસ્ત્રી, માનવ સંસાધન વડા વિજય લક્ષ્મી મુરલીધરન, જિલ્લા સર્કલ અધિકારી રાહુલ પટેલ, એનટીપીસીના અધિકારીઓ અને BBPS અને ઝનોર કન્યાશાળા ના આચાર્ય અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.


વિજય લક્ષ્મી મેડમે વિદ્યાર્થીઓને જણાવ્યું કે આપણે સ્વચ્છતા હી સેવા ની ઉજવણી શા માટે કરીએ છીએ ? એટલા માટે કે આપણે આપણી આસપાસના પર્યાવરણને સ્વચ્છ રાખવાની ટેવ પાડી શકીએ. તેમણે એમ પણ કહ્યું કે તમે પોતે જેટલા સ્વચ્છ રહો છો તેટલું જ સ્વચ્છ તમારી આજુબાજુનું વાતાવરણ પણ સ્વચ્છ હોવું જોઈયે.

જિલ્લા મામલતદાર એમ.ડી.મિસ્ત્રીએ પણ જણાવ્યું કે ૧૭ મી સપ્ટેમ્બરે આપણે સ્વચ્છતા હી સેવાની ઉજવણી કેમ કરીએ છીએ? કારણ કે ૧૭ મી સપ્ટેમ્બરે આપણા વડાપ્રધાનનો જન્મ દિવસ છે અને શા માટે આપણે ૨ જી ઓક્ટોબરે તેને સમાપ્ત કરીએ છીએ? કારણ કે સે દિવસ આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ છે.

જિલ્લા સર્કલ અધિકારી રાહુલ પટેલે બાલ ભારતી પબ્લિક સ્કૂલ અને ઝનોર ગામની કન્યા શાળામાં સ્વચ્છતાના શપથ પણ લેવડાવ્યા હતા.

કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી હેઠળ, NTPC ઝનોર દ્વારા સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ નિમિત્તે ઝનોર કન્યાશાળાને ડસ્ટબિન આપ્યા અને વિદ્યાર્થીઓને ડસ્ટબિનનો ઉપયોગ કરવા પણ જણાવ્યું.

# અંકલેશ્વર જીઆઈડીસી ખાતે સતત બીજા વર્ષે શ્રી ખોડલધામ નવરાત્રી મહોત્સવની પારંપરિક રીતે ઉજવણી




આ વર્ષે શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજયભરમાં ૩૭ જેટલા સ્થળોએ ટ્રસ્ટના નિયમ અનુસાર નવરાત્રી મહોત્સવના આયોજન કરવામાં આવ્યાહતા. તેની ખાસિયત આ છે કે સર્વ સ્થાને સામ્યતા રહે તેનું પાલન કરાય છે. તે જ પ્રમાણે અંકલેશ્વર શહેર ખોડલધામ સમિતિ દ્વારા સતત બીજા વર્ષે જીઆઈડીસી વિસ્તારમાં યોગી એસ્ટેટની બાજુમાં વૃંદાવન ગ્રાઉન્ડમાં નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

''આપણી દીકરી આપણા આંગણે'' ના સૂત્રને કેન્દ્રમાં રાખીને આયોજન કરાયું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં ખેલૈયાઓ પારંપરિક વેશભૂષા ધારણ કરી ગરબે ઝૂમી માં ભગવતીની આરાધનામાં લીન બન્યા હતા. ખોડલધામ ગરબા ગ્રાઉન્ડ અંકલેશ્વર ખાતે વિવિધ સમાજના આગેવાનો, સહકારી આગેવાનો, રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સંતો મહંતો પણ ખોડલધામ દ્વારા યોજાયેલ ગરબા મહોત્સવ ખાતે પધરામણી કરી તેની સાંસ્કૃતિક અને પારંપરિક ઢબથી પ્રભાવિત થઈ સૌને આશીર્વાદ આપ્યા હતા.

શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ઉપક્રમે વિવિધ સમાજના ઉત્થાન માટે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે, જેના ભાગ રૂપે નવરાત્રી મહોત્સવનું આયોજન કરે છે અને રાજયભરમાં યોજાયેલ ગરબા મહોત્સવ સર્વસમાજ માટે શરૂ થનાર શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા સંચાલિત કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરના લાભાર્થે યોજાઇ રહ્યા હતા . જેમાં ભૂમિદાન માટે અલગ અનુદાન સ્વીકારવા માટેના કાઉન્ટરની પણ વ્યવસ્થા અંકલેશ્વર ખોડલધામ ગરબા ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં કેન્સરના કેસમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે, ખાસ કરીને સૌરાષ્ટ્રમાં કેન્સરની આધુનિક ટેકનોલોજીથી સજ્જ હોસ્પિટલ ન હોય દર્દીઓને સારવાર માટે અન્ય મોટા શહેરો તથા રાજ્યમાં જવું પડતું હોય છે, જેથી દર્દીઓને સમય અને નાણાનો વ્યય થતો હોય છે. ત્યારે શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટીમંડળને વિચાર આવ્યા બાદ સૌરાષ્ટ્ર વિસ્તારમાં વિશ્વ કક્ષાની કેન્સર હોસ્પિટલ બનાવવા જઈ રહ્યા છે,

આ બાબતે નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે શ્રી ખોડલધામ ટ્રસ્ટ આરોગ્ય બાબતે ખૂબ મોટું પગલું ભરવા જઈ રહ્યું છે, રાજકોટ નજીકના અમરેલી ગામ ખાતે ૪૨ એકરમાં સર્વ સમાજ માટે ખૂબ મોટી કેન્સર હોસ્પિટલનું આયોજન કરવા જઈ રહ્યા છે, રાજયભરમાં ૩૭ જેટલા સ્થળોએ શ્રી ખોડલધામ ટ્રસ્ટના માર્ગદર્શન હેઠળ નવરાત્રી મહોત્સવ થઈ રહ્યો છે, એ મહોત્સવની આવક જાવક બાદ જે કંઈક બચત થશે તે તમામ બચત કેન્સર હોસ્પિટલ ના લાભાર્થે વાપરવામાં આવશે, જેથી નરેશભાઈએ તમામને ઉદાર હાથે કેન્સર હોસ્પિટલના ભૂમિદાન માટે અનુદાન આપવા માટે વિનંતી કરી હતી. તેને સારો આવકાર મળ્યો હતો.

# ભંગારના વેપારીઓ માટે GST સાથે TDSનો નિયમ બનાવી ગાળિયો કસવા પ્રયાસ કરાયો

જીએસટી લાગુ થયા બાદ સૌથી વધુ બોગસ બિલિંગના કેસમાં ભંગારના વેપારીને સૌથી વધુ સંડોવણી બહાર આવી છે. તેના કારણે ભંગારના વેપારીઓ પર ગાળિયો કસવા માટે નવા નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. તે અંતર્ગત જીએસટી નંબર નહીં ધરાવનાર વેપારી પાસેથી આરસીએમની વસૂલાત કરવામાં આવનાર છે. જ્યારે જે વેપારીઓ પાસે જીએસટી નંબર હોય તેને ફરજિયાત ટીડીએસ રિટર્ન ભરવાનું નિયમો લાગુ કરવામાં આવ્યો છે. તેના લીધે વેપારી જીએસટી રિટર્ન ઉપરાંત દર મહિને વધારાનું ટીડીએસ રિટર્ન પણ ભરવાનું રહેશે. જોકે આ રિટર્ન ઈક્રમટેક્સનું નહીં પરંતુ જીએસટી ટીડીએસ ભરવાના કારણે વેપારીઓને પરેશાનીમાં વધારો થવાનો છે.

બોગસ બિલિંગના દૂષણ અટકાવવા માટે જીએસટી દ્વારા સમયાંતરે પ્રયાસ કરવામાં આવતા હોવા છતાં આજ દિવસ સુધી તે દૂષણને અટકાવી શકાયો નથી. આજ કારણોસર તેમાં ઘટાડો થાય તે માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. આ માટે હાલમાં જ ભંગારના વેપારીઓ પર નજર રાખવા માટે જીએસટી ઉપરાંત બે ટકા પ્રમાણે ટીડીએસની ચુકવણી કરવાનો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. તેમાં પણ ર.૫૦ લાખથી વધારે માલનુ વેચાણ અને ખરીદી કરનાર માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. જો કે આ માટે વેપારીએ વધારાના નાણાંની ચુકવણી કરવાની નથી પરંતુ જે રકમ જીએસટી પેટે જમા કરાવે તેમાંથી જ બે ટકા રકમ ટીડીએસ પેટે જમા કરાવવાની રહેશે. ઉદાહરણ તરીકે વેપારી ૧૮ ટકા લેખે જીએસટી જમા કરાવે તો તેમાં ૧૬ ટકા રકમ જીએસટી પેટે અને બાકીની બે ટકા રકમ ટીડીએસ પેટે જમા કરાવવા નો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. તેના કારણે સરકારે કોઈ આવક થવાની નથી, પરંતુ ભંગારના વેપારીઓ પર નજર રાખવા માટે આ જોગવાઈ કરવામાં આવી હોવાની હકીકતો જાણવા મળી છે.

ભંગારના વેપારીઓ દ્વારા દર મહિને જે રીતે જીએસટી રિટર્ન ભરવામાં આવે છે તેની સાથે હવે ટીડીએસ રિટર્ન ભરવાનું રહેશે. આ રિટર્ન જીએસટી ના હોવાના કારણે ત્યારપછીના મહિને આઈટીસી લેતા હોય તે જ પ્રમાણે ટીડીએસ પરત મેળવી શકાશે, પરંતુ આ નિયમ લાગુ કરવાના લીધે વેપારીઓ સાથે સાથે ટેક્સ કન્સલ્ટન્ટ, સીએ સહિતનાઓએ વધારાનું એક રિટર્ન ભરવાની પરિસ્થિતિ ઊભી થવાની છે. ભંગારના જે પણ વેપારીઓ પાસે જીએસટી નંબર છે તેને હવેથી જીએસટી ટીડીએસ નંબર લેવો પડશે. સામાન્ય રીતે સરકારી, અર્ધ સરકારી સંસ્થા ઉપરાંત કોઈ કંપનીમાંથી નાણા લીધો હોય તેવા કિસ્સામાં ટીડીએસ કાપવામાં આવતી હોય છે. જ્યારે પહેલી વખત બે વેપારી વચ્ચે કરવામાં આવતા વેપારમાં પણ ટીડીએસ ભરવાની જવાબદારી નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત વધુ રિટર્ન ભરવાનો નિયમ લાવી ગૂંચવાડો ઊભો કરવામાં આવ્યો હોવાનો પણ ગણગણાટ આગામી દિવસોમાં જોવા મળવાની શક્યતા નકારી શકાય તેમ નથી.નંબર નાખતા કેશ લેજર માં રકમ દેખાય ભંગારના વેપારી દ્વારા ભરવામાં આવતા જીએસટી રિટર્ન સાથે જીએસટીનું જ ટીડીએસ રિટર્ન ભરવાનો નિયમો લાગુ કરવામાં આવ્યો છે. આ રિટર્ન ભરવામાં આવ્યા બાદ જે રીતે આઈટીસી લેવામાં આવે છે તે જ પ્રમાણે વેપારીએ લીધેલા ટીડીએસ નંબરના આધારે કેસ લેઝર માં બે ટકા પ્રમાણે જે રકમ દેખાય. તેમજ સરળતાથી તેને ક્લેઈમ કરીને પરત મેળવી શકાય તેવી જોગવાઈ કરવામાં આવી છે.

# ડી.એ . આનંદપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે એશિયન પેન્ટ્સ અંકલેશ્વર ઈન્ટરનેશનલ મેરાથોનનું આયોજન






અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ સોસાયટી સંચાલિત ડી. એ. આનંદપુરા કલચરલ એન્ડ સપોર્ટ સેન્ટર ખાતે આગામી ૮ ડિસેમ્બર ૨૦૨૪, રવિવારના રોજ ૨૦૨૪ એશિયન પેન્ટ્સ અંકલેશ્વર ઈન્ટરનેશનલ મેરાથોનન સીઝન ૩ ને અનુલક્ષી ને કર્ટેઈન રેઝર પ્રેસ કોન્ફેરેન્સ નુ આયોજન કરવામાં આવ્યું હતું..

આ પ્રસંગે સંસ્થાના માનદ સચિવ અશોક પંજવાની, સહસચિવ સુભાષ પટેલ, ટ્રસ્ટી અને એશિયન પેઈન્ટ્સ અંકલેશ્વર અને વર્ક્સ મેનેજર અશ્વની સક્સેના, બી.ઇ.આઇ.એલ.ના સીઈઓ બી. ડી. દલવાડી, ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન સમિતિના નરેન્દ્ર ભટ્ટ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સમિતિ સભ્ય પારસ પટેલ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના અડ્મિનિસ્ટ્રેટોર કૃષ્ણ મહારાઉલ, દક્ષેશ પેટ્રોકેમિકલ્સના નંદન પટેલ, સુરતી એન્ડ તલાટીના અર્પણ સુરતી તથા ટ્રસ્ટના જનરલ મેનેજર ડો. ઝાલા હાજર રહ્યા હતા.

ડો. ઝાલા એ પ્રસંગોચિત ઉદબોધન માં જણાવ્યું હતું કે સસ્ટેઈનબિલીટી ડેવલપમેન્ટ ગોલ્સ સાથે તાદાત્મ્ય સાધવાના ઉમદા હેતુ થી ૮ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ આ મેરેથોન યોજવા માં આવશે.

અંકલેશ્વર જી. આઈ. ડી. સી. અને ભરૂચ જિલ્લા માટે શાલીનતા, શાંતિ, સહયોગ અને વિકાસ નુ પ્રતીક દિવંગત સ્વપ્નદ્રષ્ટા આનંદપુરા સાહેબ ની સ્મૃતિમાં યોજવામાં આવનાર આ મેરેથોન માટે સહયોગ આપનાર એશિયન પેન્ટ્સ લી., બી.ઇ.આઇ.એલ., યુ. પી. એલ. યુનિવર્સિટી ઓફ સસ્ટેનએબલ ટેક્નોલોજી, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તથા અનેક કંપનીઓના સાથ સહકાર બદલ શ્રી અશોક પંજવાની એ સર્વે ને બિરદાવ્યા હતા. તેમને જણાવ્યું હતું કે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સગવડો નો લાભ વર્ષે ૩૦ હાજર થી વધુ લોકો ને મળે છે તથા જી. આઈ. ડી. સી.ની શાળાઓના બાળકોના સર્વાંગી વિકાસ માટે પણ આ સગવડો નિરંતર ઉપલબ્ધ રહે છે. સુભાષ પટેલે તેમના ઉદ્દબોધનમાં કહ્યું હતું કે અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા આયોજીત આ મેરેથોનમાં સ્પર્ધકો ને દોડવીરો ના લાભ અર્થે અનેક સગવડો આપવામાં આવશે અને શાળાના બાળકો અને વરિષ્ઠો માટે પણ નવીન અભિગમ અપનાવવા માં આવ્યો છે. લોકો પોતાના આરોગ્ય માટે જાગૃત થાય, ખેલદિલ બને અને સમાજમાં યોગદાન આપે તેવી ભાવના આ મેરેથોન પાછળ રહેલી છે. શ્રી સક્સેનાએ કંપની ના સ્પોર્ટ્સ અને શિક્ષણ ક્ષેત્ર માં સતત સહયોગ ની કટિબધ્ધતા નું આહવાન કર્યું હતું; જયારે શ્રી કૃષ્ણએ મેરેથોન સંબંધી વિવિધ માહિતિ પુરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમ નું સુચારુ સંચાલન ડો. ઝાલા એ કરતા જણાવ્યું હતું કે મેરેથોન નું રેજીસ્ટ્રેશન આજ થી https://alpharacingsolution.com/e/ankleshwar-dec-2024 આ લિંક ઉપર શરુ કરવા માં આવેલ છે.

# સાયખા એસ્ટેટની સ્થાપનાને દશકો વીતી ગયો, પરંતુ હજુ ઈન્ફ્રાસ્ટ્રકચરના અભાવે ઉદ્યોગકારો ઉદ્યોગ સ્થાપતા ખચકાઇ રહયા છે

દહેજ પીસીપીઆઈઆરમાં આવેલ સાયખા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની સ્થાપનાને દશકો વીતી ગયો હોવા છતાં જીઆઈડીસી દ્વારા તેમને આપેલ વચન મુજબ ઈન્ફ્રાસ્ટ્રકચર પુરુ ન પાડતા ઉદ્યોગો આક્રોશમાં છે અને છેતરાયા હોવાની ભાવના અનુભવી રહયા છે. સાથે સાથે તેમને ઈન્ફ્રાસ્ટ્રકચર કયારે પુરુ પાડવામાં આવશે તેની માંગ કરી રહયા છે.

વર્ષ ૨૦૧૩ની આસપાસ જયારે સાયખા કેમીકલ એસ્ટેટની જાહેરાત કરવામાં આવી ત્યારે તેને મોડલ એસ્ટેટ બનાવવાની હૈયા ધારણા આપવામાં આવી હતી અને તેમાં ઈન્ટરનેશનલ કક્ષાનું કેમીકલ એસ્ટેટને શોભે તેવું ઈન્ફ્રાસ્ટ્રકચર આપવાની જાહેરાતો કરવામાં આવી હતી.

આ જાહેરાતથી અત્યારના હયાત એસ્ટેટોમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા ઉદ્યોગોને એક આશા જાગી હતી અને નવા એસ્ટેટમાં જૂની ભૂલોને સુધારીને ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવાશે અને વર્ષોથી પજવતા પ્રશ્નોનો નિવેડો આવશે તેવી આશા જાગી હતી. આથી ખૂબ જ ઝડપી પ્લોટોનું વેચાણ થયું હતું. પરંતુ દિવસો ગયા તેમ ખબર પડવા માંડી કે કરેલા વાયદા હવાઈ ગુબ્બારા હતા અને વાસ્તવિકતા કંઈક અલગ હતી.

આજે વર્ષ ૨૦૨૪માં ઈન્ફ્રાસ્ટ્રકચરની સ્થિતિ દયાજનક છે. દરરોજ વાહન લઈને જવું એટલે વાહનનું આયુષ્ય અડધુ કરવા બરાબર છે. અત્યારે એસ્ટેટમાં રોડની સ્થિતિ અંત્યંત્ય દયાજનક છે. આસપાસના ગામડાના રોડ એસ્ટેટના રસ્તાઓ કરતા ઘણા સારા છે. છેલ્લા એક વર્ષમાં ટ્રકો-ટેન્કરો ફસાઈ જવાની અનેક ઘટનાઓ બની ચૂકી છે. આ ટેન્કરોમાં ખૂબ જ જોખમી કેમીકલ ભરેલા હોય છે અને તેમાં કોઈ દુર્ઘટના બને તો આસપાસના ગામ તકલીફમાં આવી શકે છે. ઘણા ટેન્કરો ઈથીલીન ઓકસાઈડ અને ઓલીયમ-૬૫ જેવા અંત્યંત્ય જોખમી કેમીકલનું વહન કરે છે ત્યાં જ ઘણા બધા ખાડાઓ છે. દહેગામથી સાયખા સુધીના ૨૦ કિલોમીટરના અંતરને પાર કરતા એક કલાક જેવો સમય લાગે છે. રોડની સ્થિતિને લઈને ડ્રાઈવરો માટે તે સમય કટોકટી વાળો બની જાય છે.





સાયખા એસ્ટેટમાં કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૫ વર્ષ પહેલા તૈયાર કરવામાં આવ્યો હતો. તેનું ઉદઘાટન વર્ષ ૨૦૨૦માં તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ઓનલાઈન કરવામાં આવ્યું હતું. ઓનલાઈન ઉદઘાટનની ખાસિયત એ હોય છે કે ત્યાં વાસ્તવિકતા શું છે તે જેટલી બતાવાય તેટલી જ જાણી શકાય છે. જો કે જીપીસીબી દ્વારા વર્ષ ૨૦૨૨માં તેના સંચાલન માટેની મંજૂરી આપવામાં આવી હતી. અત્યારે તો વિલાયતથી દરિયામાં ઉંડે સુધી જતી ડીસ્ચાર્જ લાઈન છે તેમાં ૧૦ એમએલડી કામચલાઉ ડીસ્ચાર્જ કરવાની મંજૂરી છે. વિલાયતની પાઈપલાઈનની ક્ષમતા ૨૫ એમએલડીની છે. પરંતુ તે ૫૦ ટકાની ક્ષમતા પર કામ કરી રહી છે. વિલાયતની મોટી કંપનીઓ હંમેશા ડીસ્ચાર્જ માટે વ્યસ્ત હોય છે. તેની ખાસિયત એ છે કે જયારે વિલાયત એસ્ટેટનું ડીસ્ચાર્જ થતું હોય ત્યારે સાયખા એસ્ટેટનું ડીસ્ચાર્જ બંધ રાખવામાં આવે છે. આવું ઉલટસુલટ કરવામાં આવે છે. આને પરિણામે ત્રણ મહીનામાં ૩૦ દિવસ જેટલું ડીસ્ચાર્જ બંધ રાખવું પડયું છે.

એફલુઅન્ટના વહન માટે જીઆઈડીસી દ્વારા જે ચેમ્બરો બનાવવામાં આવી છે, જેનો ચાર્જ ઉદ્યોગો પાસેથી લેવામાં આવ્યો છે. તેમાંથી ૯૦ ટકા ચેમ્બરો લીક થાય છે. આ માટે ઉદ્યોગોએ ફરી ચાર્જ ચૂકવવો પડશે. કોઈ નવા જોડાણો આપવામાં આવતા નથી. અત્યારે ૧૦ એમએલડીના અસ્થાયી જોડાણની સામે ફકત ૨ એમએલડી જ ડીસ્ચાર્જ થાય છે. છતાં દર ત્રણ દિવસે ડીસ્ચાર્જ બંધ થાય છે. ઉદ્યોગોને ચિંતા છે કે જો તેમને ડીસ્ચાર્જ નહીં આપવામાં આવે તો તેમના ઉદ્યોગો કેવી રીતે ટકી રહેશે. MOEF (વન અને પર્યાવરણ મંત્રાલય ) તરફથી પર્યાવરણ મંજૂરી માટે ઘણા એકમોને જીઆઈડીસી તરફથી ખાતરી પ્રમાણપત્ર sassurance certificate f આપવા માટે જણાવવામાં આવ્યું છે. તે પણ જીઆઈડીસી દ્વારા આપવામાં આવ્યું નથી. સાયખાની જે ડીપ સી પાઈપલાઈન નંખાઈ રહી છે તે વર્ષ ૨૦૨૬માં પૂર્ણ થવાની આશા છે. તેમાં ખાનગી કલસ્ટરોને પણ તેમના ટ્રીટેડ એફલુઅન્ટને વહાવવાની મંજૂરી આપવામાં આવી છે.

સાયખા એસ્ટેટમાં ઈલેકટ્રીસીટીને લઈને ઘણા પ્રશ્નો છે. ઉદ્યોગો એક અલગ પ્રકારનો ત્રાસ અનુભવી રહયા છે. એસ્ટેટમાં ઈલેકટ્રીક પ્રવાહમાં વારંવાર અવરોધ આવી રહયા છે. અત્યારે એસ્ટેટમાં ડીજીવીસીએલની કોઈ સ્થાનિક ઓફિસ નથી. ઉદ્યોગોને વારંવાર ડીજી સેટનો ઉપયોગ કરવો પડે છે. તેને લઈને ઉદ્યોગોને ખૂબ મોટા આર્થિક નુકશાનનો સામનો કરવો પડે છે. ડીજીવીસીએલ એક યુનિટના ૭.૫ રૂપિયાની સામે ડીજી સેટથી ખર્ચ ૨૦ રૂપિયા પ્રતિ યુનિટ આવે છે. જે ઉદ્યોગોને માર્કેટ હરિફાઈમાં પછડાટ આપવા સક્ષમ છે. વારંવારના વિદ્યુત અવરોધ અને વધઘટને લઈને ઈલેકટ્રીક અને ઈલેકટોનિક ઈકયુપમેન્ટમાં ખામી સર્જાય છે અને વધારાનો આર્થિક બોજ આવે છે. તેમજ પ્લાન્ટ પ્રોસેસમાં પણ અનેક તકલીફો આવે છે.

આશરે ૩૦૦૦ હેક્ટરમાં પથરાયેલ સાયખા એસ્ટેટમાં ફાયર સ્ટેશન, હોસ્પીટલ, કામદારોની કોલોની, બિઝનેસ હબ, જેવી સુવિધાનો સદંતર અભાવ છે. હજુ આ દિશામાં કશું વિચારવામાં જ નથી આવ્યું તેવું કહીએ તો ચાલે.

ઉપરોકત કારણોને લઈને ઘણા એકમોએ તેમના ઉત્પાદન પ્લાન્ટસ નાખવાનું મુલત્વી રાખ્યું છે. કેટલાક પ્લાન્ટસ આવી ગયા છે કે પછી નિર્માણાધીન છે તેઓ વિવિધ મંજૂરીના સ્તરે અટવાઈ ગયા છે. એક બાજું જીઆઈડીસી સમયસર ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળ ગઈ છે. બીજી બાજુ જીઆઈડીસી જેમને ઉત્પાદન શરુ કર્યુ નથી તેમને નોનયુટીલાઈઝેશન (NU) નોટીસ મોકલી રહી છે. જીઆઈડીસી ઘણા એકમોને ખાલી કરાવવા માટે સરન્ડર નોટીસ મોકલી રહી છે.

ઉદ્યોગોની ફરિયાદ એ પણ છે કે જીઆઈડીસીએ આ એમએસએમઈ માટેનું કેમીકલ કલસ્ટર છે તે જાણ હોવા છતાં કેન્દ્ર કે રાજય સરકારના વિવિધ ઔદ્યોગિક પ્રોત્સાહનો હેઠળ કોઈપણ અનુદાન કે સબસીડી માટે અરજી કરેલ નથી. જેને લઈને ૧૦૦ ટકા ખર્ચ ઉદ્યોગોએ ઉઠાવવો પડે છે. જો સબસીડી માટે અરજી કરીને સફળતા મળી હોત તો ઉદ્યોગોને ૨૦-૩૦ ટકા ખર્ચ કરવો પડત. કારણકે અત્યારે બધો ખર્ચ જીઆઈડીસી કરે છે અને તે વેચાયેલા પ્લોટ પર લાદવામાં આવે છે. જીઆઈડીસી પાસે સાયખા એસ્ટેટની ૫૦ ટકા જમીન છે તે કોઈ ખર્ચ સહન કરતી નથી. સાયખા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા ૩૦ માર્ચ ૨૦૨૪ ના રોજ હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. તેમ છતાં જીઆઈડીસી તરફથી કોઈ જવાબ આપવામાં આવતો નથી કે ધ્યાન આપવામાં આવતું નથી. ઉદ્યોગોને એવું લાગી રહ્યું છે કે તે હેતુપૂર્વક આ બાબતમાં વિલંબ કરી રહી છે.


PERFECT SCALE
SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

॥ कौशल्यं श्रेष्ठबलं तदैव राष्ट्रस्य उत्थानकारणम् ॥
HMP
VOCATIONAL TRAINING INSTITUTE
Govt, Approved "SKILL INDIA,"
Affiliated, through E.V.I.
"SKILL INDIA"- CERTIFICATE IS VALID FOR GOVT, JOB, ALSO.
[SUPPORTED & GUIDANCE BY – L&T]
ADMISSION OPEN

| Sr No | TRADE | QUALIFICATION | AGE LIMIT |
| --- | --- | --- | --- |
| {1} | AOCP | Std.12,or ITI/ Dip. Pass/Fail | 16 to 30 years |
| {2} | ELECTRICIAN | Std.10, pass. or ITI/DEE/Pass/Fail | 16 to 30 years |
| {3 } | FITTER | Std.9, pass or ITI/DME/Pass/Fail | 16 to 30 years |

CONTACT:- PRINCIPAL HMP VTI - KHAROD.- MOB. No.9687810005/6355217329
..NH-8, - GIDC Panoli, Kharod, Nr. Public school...

samarth.mhas@gmail.com
www.samarthmhe.com
Prakash Bhut
78749 41886
Samarth
Material Handling Equipment
M-1, Plot No: 311/83, Rajat Pharma, Opp. Zydus Cadila (Unit-1), GIDC, Ankleshwar - 393 002

TRA
T. R. ASSOCIATES
T. R. ASSOCIATES AND ENVIRONMENT PVT. PTD.
Formerly Known as (T.R. ASSOCIATES)
Environment Consultant (NABET Consulant)
Environmental Clearance (MoEF & CC/SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 92658 26814
E-mail: adm.trassociates@gmail.com
A-401, S.G. Business Hub, Between Sola Bhagwat & Gota Overbridge, S.G. Highway, Ahmedabad

Sahebrao G. Fand
Mo: 98980 56462, 92275 56462
VISHAL TILES & MARBLE CO.
Plot No. 7320, G.I.D.C., Karmatur Chokdi, Ankleshwar - 393 002.
RAINBOW GALICHA TILES & CHIPS IND.
Plot No. 731/9, G.I.D.C., Karmatur Chokdi, B/h. Vishal Tiles, Ankleshwar - 393 002.
Manufactures & Contractors For All Kinds of Galicha, Plain, Mosaic, Terrezo & Composed Marble Tiles, Rubber MouldPaver & Chequred Tiles Etc.

SOUTH INDIA ROADWAYS ANK.
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

Munna Sing, Mob: 98244 86716
Manish singh, Mob: 98244 18777
FIDICON DEVICES INDIA PVT. LTD.
Manufacturer, Exporter & Service Provider of Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002|Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002